Original Paper

ISSN: 2321-1520

# '' મુકિત – વૃત્તાંત'' : અનાવૃત સત્યની કલાત્મક અભિવ્યકિત

**ડૉ દર્શના ભટ્ટ**

અધ્યક્ષ, અંગ્રેજી વિભાગ,
ભાષા સાહિત્ય ભવન,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ.
મો.૯૨૨૮૩૯૧૨૪૫
ઈ.મેઈલ.drshntrivedi@yahoo.in

''મારે તો શબ્દના ઉજાસમાં જાતને જોવી છે. શબ્દને ચાહયો, શબ્દને સેવ્યો, શબ્દથી પામી અને શબ્દથી ટકી, તો છેવટે એ શબ્દ વડે જ ......

(મુકિત વૃત્તાંત. ૩)

ના, લેખન એ જ જીવન એમ મેં નથી કહયું, કહીશ પણ નહીં. છતાં શબ્દનો આધાર મને મોટો અથડાતી, કુટાતી અંતે એની પાસે જ પહોંચી છું, અને એણે મને જાળવી છે.

(મુકિત વૃત્તાંત. ૪)

''મુકિત વૃત્તાંત'' ગુજરાતી સાહિત્યના લબ્ધ પ્રતિષ્ઠિત લેખિકા હિમાંશી શેલતની સ્મરણકથા, નિજ વૃત્તાંત, આત્મ વૃત્તાંત અથવા આત્મકથા છે. દિલ્હી સાહિત્ય અકાદમી પુરસ્કૃત લેખિકાના ''અંધારી ગલીમાં સફેદ ટપકાં'', ''આઠમો રંગ '', ''ગર્ભ ગાથા'' વગેરે જેવા અનેક યશસ્વી પુસ્તકો છે. સામાન્ય રીતે નારી કેન્દ્રી લેખન કરતાં હિમાંશીબેન નારીની સ્વતંત્રતા, આત્મ નિર્ભરતા, અને નારી દેહ ગૌરવના હિમાયતી છે. અંગ્રેજી સાહિત્યના અધ્યાપક રહી ચૂકેલા હિમાંશીબેન સીમોન દી બુવા, સિલ્વીયા પ્લાથ, કેથરીન મેન્સફિલ્ડ, અને માયા એન્જેલો ના લેખન થી સુપેરે પરિચિત છે તેમના વિચારોની અસર તેમના સર્જનમાં પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે દેખાય છે.

''મુકિત – વૃત્તાંત'' ગુજરાતી સાહિત્યમાં લેખન શૈલી અને ભાષાની દષ્ટિએ નવો ચીલો પાડતી આત્મકથા છે. સામાન્ય રીતે આત્મકથામાં જન્મથી જીવનના અમુક વિશિષ્ટ પ્રસંગોનું આલેખન થતું હોવાથી મોટે ભાગે ''દસ્તાવેજીકરણ' અથવા તો કયારેક '' ઉપદેશાત્મક' બની રહે છે. કેટલાંક કિસ્સામાં આત્મકથા વિશિષ્ટ વ્યકિતઓની સિધ્ધિઓનું મહિમાગાન બની રહે છે.પણ સ્ત્રીઓની આત્મકથા કયારેય પોતાની સિધ્ધિ કે ત્યાગ બલિદાનનું મહિમા ગાન બનતી નથી. મોટાભાગની સ્ત્રીઓની આત્મકથા સાચા અર્થમાં તેમના આંતર મનનો આલેખ હોય છે. તે અર્થમાં સ્ત્રીઓની આત્મકથા તેમના આંતર મનની બારીઓનો ઉઘાડ હોય છે. ''મુકિત – વૃત્તાંત' આત્મ રતિ કે આત્મ પ્રશસ્તિ માટે લખાયેલી આત્મકથા નથી. લેખિકાની ''અધર સેલ્ફ' આત્મકથાની શરુઆતમાં જ ટકોર કરે છે :

અને એક વણમાગી સલાહ આટલાં વર્ષોમાં તને થોડાં મહત્વના માણસો મળ્યાં હશે, એમની વાતચીત થઈ હશે, સભા સમારંભોમાં હાજરી આપી હશે, ઈનામો મળ્યા હશે, વખાણ સાંભળ્યા હશે, અને કર્યા હશે, એ અંગે બિલકુલ બોલવું નહીં. જસ્ટ લિવ ઓલ ધેટ !એ સામગ્રી ને હાથ ન લગાડવો. (મુકિત વૃત્તાંત. ૮)

જો આત્મકથાનો હેતુ આત્મ પ્રશંસા નથી તો હિમાંશીબેને પોતાના સામાન્ય જીવનની વાત કેમ માંડી તે અંગે વાચકને જિજ્ઞાસા રહે તેનો જવાબ આપતાં હિમાંશીબેન લખે છે :

વિદાય પહેલા મારા વસવાટનો ખંડ ઝીણવટથી જોઈ લેવો, એક વખત ખૂણેખાંચરે નજર ફેરવી લેવી એવી ઈરછાએ આ પ્રયાસ માટે પ્રેરી હશે. ટૂંકાગાળા માટે કયાંક ગયાં હોઈએ અને અને ઓરડામાં નિજી અસબાબના પથારા કર્યા હોય પછી જવાનો વખત આવે ત્યારે , સઘળું સમેટી લીધા પછી , બહાર નીકળતી વખતે ડોક ફેરવીને આમતેમ છેવટની નજર ફેરવી લઈએ એવું જ આ, અદ્દલ એવું. અને ત્યારે જ તો ખબર પડે કે ખાલી દેખાતા આ ઓરડાને ઠીક ઠીક ભરચક રાખ્યો હતો આપણે! (મુકિત વૃત્તાંત. ૧૭૬)

જીવનના સાત દાયકા ‘‘આ ઓરડાને વિધવિધ પ્રવૃત્તિઓથી હર્યો ભર્યો રાખીને’ હદય રોગના હુમલા બાદ લેખિકા પોતાના અસબાબને સમેટી લઈ પાછળ રહી જતા ઓરડાને આ વૃત્તાંત દ્વારા ડોક ફેરવીને ‘‘કંઈક બાકી તો રહી જતું નથી ને’ તે ભાવે જીવનના વીતેલા કાલ - ખંડોમાં નજર નાંખી રહયાં છે. બધુ અલ્ઝાઈમર્સ ના રોગની જેમ માનસ પટ પરથી ભૂલાઈ ન જાય તેનો પ્રયાસ છે આ સ્મૃતિ કથા.

કથાના પ્રવાહમાં વિવિધ પ્રસંગો અને પાત્રોને લેખિકા આબેહુબ ચિત્રાંકનો દ્વારા વાચકને રુબરુ કરાવે છે. પત્રકાર દાદાજી પોતાના ગરિમાપૂર્ણ અને કુટુંબ વત્સલ વ્યકિતત્વ દ્વારા લેખિકાને સાત-આઠ વર્ષની વયે એક ‘‘તિલસ્મી’ દુનિયામાં પ્રવેશ કરાવે છે. અને તે દુનિયા એટલે પુસ્તકોની કૌતુકભરી દુનિયા લેખિકા પોતાના પુસ્તકની દુનિયામાં પ્રવેશ વિશે લખે છે :

જૂના ઘરમાં દાદર ચઢીને ઉપર જતાં એક લાકડાનું કબાટ આવે , કદ એવું કે ઉપર ચઢાવી શકાયું નહી. સમય મળે કે તરત નીચલું ખાનું ઉઘાડીને એમાં હારબંધ ગોઠવાયેલી ચોપડીઓ થોકબંધ કાઢી ચટાઈ પર પાથરી દેવાની.ગલબાના પરાક્રમો, છોટું સસલો અને શકરો શિયાળ, મિયાં ફુસકી અને તભા ભટટ, બકોર પટેલ અને શકરી પટલાણી પરી મહેલ અને ‘‘રમકડું’ ના જૂના અંકોની ફાઈલ, કંઈ કેટલુંય નીકળે! કલ્પના જગતનું આકર્ષણ દુર્નિવાર.(મુકિત વૃત્તાંત. ૧૧)

બાળપણના પુસ્તક પ્રેમ અને ઘરનું વાતાવરણ લેખિકાના સ્પષ્ટ અને આધુનિક વિચાર ઘડતરમાં પ્રેરક બન્યા છે. લેખિકા પોતાની માતાને સખી ભાવે સમગ્ર વાતો કહી શકે છે. દાદાજી પછી લેખિકા પોતાની માતાની અત્યંત નજીક રહયાં છે. દીકરીના વ્યકિતત્વનો આદર તો બા કયાંથી શીખી હશે તે લેખિકા માટે પણ એક કોયડો છે. છતાંય લેખિકા કહે છે, ‘‘બા એ મને એક અદભૂત ભેટ આપી અન્ય કોઈને એ આપી છે કે કેમ, મને ખબર નથી, એ ભેટ તે સંપૂર્ણ મુકિત અને આત્મ નિર્ભરતાની પરિકલ્પના’ (મુકિત વૃત્તાંત. પર)

પરંપરાગત લગ્ન સંસ્થા અને માતૃત્વના ગૌરવનો સ્વીકાર ન કરનારા હિમાંશીબેન પણ આખરે તો માનું હૈયું ધરાવે જ છે વિરોધ છે તો માત્ર માતૃ ગૌરવના રુપાળાં વાઘાં પહેરાવીને સ્ત્રીનું શોષણ કરવાનો. માતૃત્વની સંપૂર્ણ જવાબદારી સ્ત્રીના શિરે સોંપીને તેના વ્યકિતત્વને રુંધવાનો અને તેની આકાંક્ષાઓને કચડવાનો.

યુવાન વયે લગ્ન અને માતૃત્વનો નકાર કરનાર હિમાંશીબેન સુડતાલીસમા વર્ષે નીલમણિ સાથે કેવી રીતે લગ્નના બંધનમાં બંધાયા તે તો તેમના માટે પણ એક કોયડો જ છે. પરિપકવ ઉંમરે જોડાયેલા બંને પાત્રો એક મેકમાં દૂધમાં સાકરની

જેમ ભળી જાય તે તો માત્ર આદર્શ પરિસ્થિતિ હોય છે. નીલમણિ અને લેખિકા એક બીજાના સ્વતંત્ર વ્યકિતત્વનો સ્વીકાર કરતાં હોવાથી તેમનો માળો વિખરાયો નહિ પણ તેમનું દામ્પત્ય કયારેય આદર્શ ન બની શકયું.

ગભરાટ અને અવસાદની પરિસ્થિતિમાં લેખિકાએ પોતાના સસરા ઝવેરચંદ મેઘાણીને પત્રો લખવાનો વિચાર કર્યો એક અત્યંત ખિન્નતા પ્રેરક ઘટના બાદ લખાયેલો પત્ર ''મુક્તિ વૃત્તાંત''માં સમાવિષ્ટ કર્યો છે.

પૂ.બાપૂજી,

અગાઉ ઓછામાં ઓછી ત્રણ-ચાર વાર નીલમણિ ભાણું છોડીને ઉભો થઇ ગયો છે. થાળી પરથી છણકો કરીને જવું એ તો અપરાધ. મને રહી રહીને સવાલ થાય છે કે કોઇ શાણો દેખાતો પરિપક્વ માણસ આવું કરી જ શી રીતે શકે કે પછી મનમાં ઉત્પાત કશાં બીજા કારણ નો હોય, અને એ પ્રગટ આ રીતે થાય ? આટલી તાણ કઇ બાબતની ? ખબર નથી પડતી. જો કે મ ેં તો પછી થેપલા ખાધાં શાંતિથી જીવ બાળ્યા વગર ! પૂરૂષની ઉગ્રતા એમ મન પર લઇને જીવવાનું થાય તો વગર મોતે મરી જવાય ખરું ને ? (મુક્તિ વૃત્તાંત, ૭૬)

લેખિકાએ પોતાના મહેતા સાહેબ સાથેના આત્મીય અને ઉષ્માપૂર્ણ સંબંધો અને લોકોની આ નિર્મળ સંબંધો પ્રત્યેની વિકૃત માનસિકતાનો પણ વ્યથિત હૃદયે ઉલ્લેખ કર્યો છે. લોકો વિવેકાનંદ ભાગિની નિવેદિતા, ગાંધીજી મીરાંબેન, શ્રી અરવિંદ માતાજી વગેરના નિવ્યાર્જ અને નિઃસ્પૃહ સંબંધોને કેમ નહીં સમજી શકતા હોય! મહેતા સાહેબ અને નીલમણિ બંને એ સંબંધોનો વિકાસ કરતાં શીખવ્યું અને એને લીધે જ જે લાધ્યું તે સંબંધોનું સર્વોચ્ચ શિખર.

નીલમણિના અવસાન પછી મુક્તિ પુનઃ એકલી પડી ગઇ. સંબંધોની ઉષ્મા ન્હતી છતાંય નીલમણિ સાથે ગાળેલા સહજીવનની પળો મુક્તિને પળ પળ યાદ આવતી હતી. સમગ્ર પ્રકૃતિ, માનવી અને માનવેત્તર સૃષ્ટિ સાથે પોતાના હૃદયનું અનુસંધાન સાધી ચૂકેલી મુક્તિ હવે મુક્ત થઇ હતી અને સ્તબ્ધ પણ.

સરવાળે જે લગભગ એકલી હતી એવી સ્ત્રી હવે પૂર્ણપણે એકલી પડી હતી. એક મુક્ત, તાણવિહીન, સ્વાધીન જીવનમાં ન ચર્ચા, ન મતમતાંતર, ન ખેંચતાણ, ન ક્લેશ, ન ગમા અણગમા, ન ચડસીલા બોલની આપ લે, ન રોષ ભરી કોઇ અભિવ્યક્તિ એની સાથોસાથ ઘરની દિવાલો વચ્ચે મારું નામ પડઘાતું બંધ થઇ ગયું. (મુક્તિ વૃત્તાંત, ૧૪૦)

''મુક્તિ વૃત્તાંત'' એક સ્ત્રીના જીવનમાં આવતા ચઢાવ ઉતાર, ભરતી-ઓટ, મિલન-વિદાયનો આલેખ છે. સામાન્ય જીવનમાં શબ્દને સહારે આત્મશ્રદ્ધાને સહારે સ્ત્રી કેટલું પ્રમાણિક અને સાચુકલું જીવન જીવે છે તેનું વર્ણન છે. સંબંધો, સમાજ, સખ્યભાવથી એકાંકી બની ગયેલા લેખિકા નંદિગ્રામમાં પોતાની શાતા પામે છે. શ્રી મકરન્દ ભાઇની આધ્યાત્મિક ઊંચાઇ અને કુન્દનિકા બેનના નૂતન વિચારો લેખિકામાં નવી ઊર્જાનો સંચાર કરે છે. નંદિગ્રામમાં લેખિકાને જે મળ્યું તે બીજે ક્યાંય ન મળ્યું હોત. ''જે ન થયું કે ન મળ્યું એનો નથી સંતાપ, નથી ઉતાવળે લીધેલાં નિર્ણયનો પસ્તાવો જે શેષ રહ્યો છે એ તો નરવો આનંદ અને મકરન્દભાઇનું 'આત્મજા' સંબોધન.'' (મુકિત વૃત્તાંત, ૧૭૫)

નારી મુક્તિની આલબેલથી શરૂ થયેલું ''મુક્તિ વૃત્તાંત'' મુક્તિના અનેકાર્થો સાથે વિરામ પામે છે લેખિકા જીવન મુક્ત થઇ જીવ શિવના ઐક્યવાળી સાયુજ્ય મુક્તિની અભિલાષા સેવે છે. મુક્તિ અહીં 'મોક્ષ' નિર્વાણ અને Liberation ની આધ્યાત્મિક પરિભાષા પામે છે. ''ફેશન મોડેલની હત્યા'' થી શરૂ થયેલ સ્મૃતિ કથા રૂંઢનાથ મહાદેવના સંદર્ભ સાથે વિરમે છે. સ્ત્રીની અભિલાષા મુક્તિના વિવિધ સંદર્ભો ધારણ કરે છે. તે અર્થમાં ''મુક્તિ વૃત્તાંત'' નારી મુક્તિની આધ્યાત્મિક મુક્તિની અભિવ્યક્તિ બની રહે છે. ભલે, મુક્તિના જીવનમાં કદાચ વિશ્વની મહાન નારી જેટલું ઘટના વૈવિધ્ય ન હોય,

પણ તેમનું જીવન સંવેદનાઓ અને લાગણીના પર્યાય સમુ છે. હવે તો લેખિકાની માત્ર એક જ ઈચ્છા છે :

> ''રૂઢનાથ મંદિરની અગાશીમાં ઘુમ્મટ ફરતે હવામાં બેય હાથ ફેલાવીને એને પાંખો પેઠે ફફડાવતી, પુરજોશમાં ચક્કર પર ચક્કર લેતી એક ખુદમસ્ત છોકરી ક્યારેક ઉડવાની છે એ જોવા બેઠી છું'' (મુક્તિ વૃત્તાંત, ૧૮૪)

આ એક એવો પ્રદેશ છે જ્યાં નથી કોઈ ફરિયાદ ન રોષ ન શોક, ન દુઃખ કેવળ બ્રહ્માંનદ સહોદર આનંદ. આત્મકથા વિરામ સમયે માત્ર લેખિકાની સ્મૃતિકથા ન રહેતા સમગ્ર સ્ત્રીઓની સ્મૃતિ કથા બની રહે છે. વ્યક્તિથી શરૂ થયેલી ''સત્ય અન્વેષણા'' સમષ્ટિ સુધી વિસ્તરે છે. કવિવર રવીન્દ્રનાથ ટાગોરની જેમ લેખિકાને પોતાની વાત સમષ્ટિના વિશાળ પર મૂકવી છે. માત્ર નિર્ભેળ સત્ય દ્વારા અને આજ છે અનાવૃત સત્ય અન્વેષણા.

''થાય છે જવાના દિવસે આ વાત કહી જાઉ

જે જોયું છે, જે પામ્યો છું, તેનો જોટો નથી.''

સંદર્ભ ગ્રંથ

શેલત હિમાંશી. મુક્તિ વૃત્તાંત, અમદાવાદ. અરૂણોદય પ્રકાશન, ૨૦૧૬.

❑